


# સોનાનું કડું

**દલાશેઠને થઈ દિવાળી, હોળી રહી ગઈ બાકીજી;**
**મિયાં ફુસકીના મૂંડા પર, લાત પડી ભઈ પાકીજી.**

એક હશે નટ. ઘણા ઘણા ખેલ કરે. દોરડા પર ઊંધા માથે ચાલે. માથે મૂકે સાત સાત ઘડા. ઘડા માથે મૂકે દીવો. પછી ભોંય પર આળોટતો જાય. આવા આવા ખેલ જોઈને ગામના લોકો ઘણા રાજી થયા. તભા ભટ અને ફુસકી મિયાં પણ રાજી થયા. દલાશેઠ તો વાહ વાહ બોલવા માંડ્યા.

ત્યાં રાણો વાળંદ બોલી ઊઠ્યો : “વાહ ભાઈ વાહ! આવા ખેલ કોઈથી થાય નહીં. કાં ફુસકીચાચા?”

ફુસકી મિયાં બોલ્યા : “શૂરવીરના બચ્ચા હોય તે જ આવા ખેલ કરી શકે.”

રાણો બોલ્યો : “પણ ફુસકીચાચા, આ નટ જેવા ખેલ તો કોઈ કરી શકે નહીં.”

ફુસકી મિયાં બોલ્યા : “અક્કલ હોય તો બધા ખેલ થાય. પૂછો તભા ભટને. તેમની પોથીમાં વાત આવે છે કે અક્કલવાળા ન થવાનું કરી આપે અને ખેલના ખેલ બતાવે. હા અમે સિપાઈબચ્ચા! જે કહીએ એ ઠીક જ કહીએ.”

દલાશેઠ ખરેખરા હસ્યા.

રાણો કહે : “વાત તો હસવાની છે.”

ફુસકી મિયાં બોલ્યા : “જા પાજી! અમે હસવાની વાત કહી છે?”

રાણો કહે : “એ વિના આ દલાશેઠ હસે નહીં.”



ફુસકી મિયાં બોલ્યા : “બેવકૂફો હોય તે એમ જ હસે.”

રાણો કહે : “તમે આપણા ગામના શૂરવીર માણસ છો તો શું તમે આ નટની બરાબરી કરી શકો?”

ફુસકી મિયાં તાનમાં આવી ગયા અને બોલી ઊઠ્યા : “ના કેમ કરી શકીએ? અક્કલ હોય તો ધારીએ એ કરી શકીએ.”

વળી દલાશેઠ હસ્યા.

ફુસકી મિયાંને રીસ ચડી ગઈ અને દલાશેઠના માથા પર ટાપલી મારી દેવા હાથ ઉઠાવ્યો, પણ તભા ભટે ફુસકી મિયાંના માથા પર ટાપલી મારી દીધી. ટોપી ઊડી પડી.

તભા ભટ બોલ્યા : “ચૂપ રહો તમે. આ ખેલ અક્કલના નથી. એ છે બળના ખેલ. તમારામાં નટ જેવું બળ છે?”

ફુસકી મિયાં બોલ્યા : “તમેય રહ્યા એવા ને એવા જાડા. જરા બુદ્ધિ પાતળી કરો અને સમજો કે બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે. આપણા બાપદાદાની આ કહેવત શું ખોટી છે? આપણા બાપદાદા મૂરખા હતા?”

તભા ભટ બોલ્યા : “બાપદાદા મૂરખા નહોતા, પણ આપ જરૂર મૂરખા છો.”

મિયાં બોલ્યા : “મૂરખા છો તમે. બાપદાદા કહી ગયા છે એ વાત સો ટકા સાચી. બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે.”

રાણો વાળંદ બોલ્યો : “વાત મૂકો પડતી. બળનાં કામ બળથી થાય. એમાં બુદ્ધિનું કામ નહીં.”



ત્યાં પેલા નટે બૂમ પાડી. નટ બોલ્યો : "ગામના શૂરવીર માણસો અને બધા જોનારા સાહેબો! અમારા ખેલ જોઈને તમે બધા રાજી થયા છો. તમે તાળીઓ પાડી છે અને વાહ વાહના પોકાર કર્યા છે તેથી અમે ઘણા રાજી થયા છીએ. અત્યાર સુધી તો કળના ખેલ બતાવ્યા, પણ હવે અમે એકલા બળના ખેલ બતાવીશું. તમારા ગામમાં કોઈ શૂરવીર બળિયા હોય તો સામે આવે. અમને બળમાં હરાવી જશે તો અમે અમારા હાથનું સોનાનું કડું તેને ભેટ આપીશું."

દલાશેઠને તાન ચડ્યું. ઊભા થયા : "તો અમે ઉપરથી એકસો એક રૂપિયાનું ઇનામ આપીશું."

આમ કહીને દલાશેઠે ફુસકી મિયાં સામે જોયું. જરા મોઢું દબાવીને હસ્યા. ફુસકી મિયાં સમજી ગયા કે આ તો આપણી મશ્કરી કરી. ટપ દઈને ઊભા થઈ ગયા અને બોલ્યા : "દોસ્તો, બેવકૂફોની વાતો કોઈએ માનવી નહીં. બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે એ કહેવત આપણા બાપદાદા કહી ગયા છે. માટે જેનામાં બુદ્ધિ વધારે હોય તે બધા કરતાં બળિયો ગણાય. અમે બુદ્ધિમાં ઓછા નથી. હા, અમે સિપાઈબચ્ચા!"

દલાશેઠ વધારે હસ્યા અને બોલ્યા : "આ નટભાઈ કોઈને હરાવી દેશે તો અમે તેને પણ ઇનામ આપીશું."



નટ બોલી ઊઠ્યો : "તો શું તમે બુદ્ધિથી બળનું કામ કરી આપશો?"

ફુસકી મિયાં બોલ્યા : "હો હો! બુદ્ધિ આગળ બળ પાણી ભરે છે."

નટ બોલ્યો : "શું બહુ બુદ્ધિમાન હોય તે સો મણ વજન ઊંચકી શકે?"

મિયાં બોલ્યા : "હો હો? ના કેમ ઊંચકે?"

નટ બોલ્યો : "આ પથ્થર જુઓ! હજાર કિલોનો હશે."

ત્યાં નજીકમાં જ મોટો પથ્થર પડ્યો હતો. સો તો શું પણ પાંચસો માણસો એકઠા થાય તોય હટે એવો નહોતો. હજાર કિલો વજનનો પથ્થર હતો.

નટ બોલ્યો : "આ પથ્થર તમે એકલા અહીંથી હટાવી શકો?"

મિયાં બોલ્યા : "હો હો! બુદ્ધિ હોય તો હટે."

તભા ભટે ફુસકી મિયાંના માથા પર ટાપલી મારી દીધી અને બોલ્યા : "શું બકો છો?"

મિયાં બોલ્યા : "કાં?"

તભા ભટ કહે : "આ હજાર કિલોનો પથ્થર તમે હટાવી શકશો?"

મિયાં બોલ્યા : "અમે હા કહી દીધી એટલે હવે ના નહીં કહેવાય. બોલ્યા તે બોલ્યા. શૂરવીરનું માથું જાય પણ વચન જાય નહીં. અમે બોલ્યા તે સાચું."

રાણો બોલ્યો : "રહેવા દો ફુસકીચાચા! આ પથ્થર સો માણસોથીયે હટે એવો નથી."

ફુસકી મિયાં ચિડાયા અને બોલ્યા : "તું શું જાણે અસ્તરાના ઉસ્તાદ! તલવારો પકડે તેને બળના ખેલ આવડે. હા, અમે સિપાઈબચ્ચા! અમે કહ્યું એ કરીશું."

નટ બોલ્યો : "તો કરો શરત. આ પથ્થર તમે એકલા હટાવી દેશો તો અમે અમારા હાથનું સોનાનું કડું તમને આપી દઈશું અને તમે ના હટાવી શકો તો?"

ફુસકી મિયાં બોલ્યા : "તો અમે સિપાઈબચ્ચા નહીં."

નટ કહે : "એમ ના હોય. તમે શું આપશો?"

દલાશેઠ બોલ્યા : 'હારનારેય કંઈ આપવું જોઈએ."



ફુસકી મિયાં બોલ્યા : "ભઈ, હારવા-જીતવાની વાત મૂકો. એમ ને એમ શરત ચાલવા દો."

દલાશેઠના આનંદનો પાર રહ્યો નહીં. આજ ફુસકી મિયાં ફસી ગયા છે. આ હજાર કિલોનો પથ્થર તેમના એકલાથી હટે એમ નથી. પથ્થર હટશે નહીં એટલે નક્કી હારશે. માટે કંઈક શરત તો કરાવવી જ.

દલાશેઠ બોલ્યા : "ભઈ, શરત તો કરવી જ પડે. નટભાઈ કેવા ઉદાર છે કે પોતાના હાથનું સોનાનું કડું આપવા તૈયાર થયા છે. એ વાત મૂરખાઓ નથી સમજતા. પણ બિચારા પાસે કંઈ હોય તો શરત કરે ને?"

ફુસકી મિયાં બોલ્યા : "શરતમાં ચડે તે વિના મોતે મરે."


તભા ભટ કહે : "આપણે એક પાઈનીયે શરત નથી કરવી."

ફુસકી મિયાં કહે : "કાં?"

ભટજી કહે : "આમાં તમે જીતવાના નથી. માટે શરત કરો તે નક્કી આપવું પડે."

ફુસકી મિયાં બોલી ઊઠ્યા : "અમે એક હજાર રૂપિયા આપીશું."

'વાહ વાહ!' 'વાહ વાહ!' બોલીને દલાશેઠે તાળીઓ પાડી દીધી.



નટ ગેલમાં આવી ગયો.

નટ બોલ્યો : "તો બધી શરત પાકી થઈ. બોલો મિયાં?"

ફુસકી મિયાં બોલ્યા : "હો હો, સો વાર પાકી."

દલાશેઠ ફીસ ફીસ કરતા હસ્યા. ઘણો આનંદ થયો કે આજ મિયાં ફુસકીની રેવડી થયા વિના રહેવાની નથી. હજાર કિલો વજનનો મોટો પથ્થર તે એકલો હટાવી શકશે નહીં. મોઢું મલકાવતા દલાશેઠ ટટ્ટાર થયા. તભા ભટને ચિંતા થઈ.



ભટજી કહે : “ફુસકી મિયાં, આપણે મૂરખાઈ કરી બેસીએ તો પછી માની લેવી. ભૂલ કરે તે મૂરખ નથી, પણ ભૂલ ના માને તે મૂરખ છે. તમે મૂરખાઈ કરી છે.”

ફુસકી મિયાં બોલ્યા : “અમે મૂરખા નથી. અમારા બાપદાદાય મૂરખા નહોતા. હા, અમે સિપાઈબચ્ચા! અમે ભૂલ કરીએ જ નહીં.”

દલાશેઠે તાળી પાડી.

ભટજીને ચડી રીસ. ઊભા થઈને ચાલવા માંડ્યા.

નટ બોલ્યો : “ચાલો મિયાંસાહેબ, હટાવી દો પથ્થર.”

મિયાં ફુસકી બોલ્યા : “હેં...?”



દલાશેઠ હસી પડ્યા કે ફુસકી મિયાં બાઘા બની ગયા છે.

નટ બોલ્યા : “હેં નહીં પણ હા. થાઓ ઊભા.”

“તો આ થયા ઊભા.” આમ કહીને ફુસકી મિયાં ઊભા થયા અને માંડ્યા ચાલવા.

દલાશેઠનો આનંદ છલકાઈ ગયો. તાલી પાડીને હસવા માંડ્યા અને બોલ્યા : “લો, મૂરખાઓ સમજ્યા વિના બકી જાય અને પછી ભાન ભૂલીને માંડે ભાગવા.”

નટે બૂમ પાડી : “ઓ મિયાંસાહેબ!”

ફુસકી મિયાં ઊભા રહી ગયા અને બોલ્યા : “કાં?”



નટ કહે : "ભાગ્યા ક્યાં?"

ફુસકી મિયાં કહે : "અમારે ઘેર."

નટ બોલ્યો : "આ પથ્થર કોણ હટાવશે?"

મિયાં બોલ્યા : "અમે."

નટ બોલ્યો : "તમે તો ભાગવા માંડ્યા છો."

મિયાં બોલ્યા : "અમે ભાગતા નથી. હા, અમે સિપાઈબચ્ચા! અમારા બાપદાદાય ભાગતા નહોતા."

નટ બોલ્યો : "તો ઘરે શીદ ચાલ્યા?"

મિયાં કહે : "જમવા."

નટ કહે : "જમવાની શરત છે?"

મિયાં કહે : "ના, શરત છે પથ્થર હટાવવાની અને તે પણ અમે એકલા હટાવીએ."

નટ કહે : "તો હટાવો."

મિયાં કહે : "હટાવવા માટે જ ઘરે જઈએ છીએ. હમણાં જઈશું અને હમણાં પાછા આવીશું. પછી જોતજોતાંમાં પથ્થર હટાવી દઈશું."


દલાશેઠ બોલ્યા : "તે હવે ગુમ થવાના. તેનું ભેજું ગુમ થયું છે. હવે તે પોતે ગુમ થશે. મૂરખાઈની વાત આપણે માનીએ તો આપણે પણ મૂરખા બનીએ. કોઈ ભીમનો ભાઈ પણ એકલો આ પથ્થર હટાવી શકે નહીં."

ફુસકી મિયાં ચાલ્યા ગયા. લોકો મિયાં પાછા આવે એની રાહ જોવા માંડ્યા. થોડી વાર થઈ ત્યાં ફુસકી મિયાં આવતા દેખાયા. ખભે કોદાળી લીધી છે અને આવે છે. તેમને જોયા કે બધા લોકો પાછા આવી ગયા.

નટ બોલ્યો : "કોદાળીનું શું કરશો?"

ફુસકી મિયાં બોલ્યા : "બુદ્ધિનો કૂવો ખોદીશું."

નટ બોલ્યો : "એટલે?"



ફુસકી મિયાં કહે : "ન બને બળથી એ બને કળથી. જોઈ લેજો બંદાના દાવ. અમારે બુદ્ધિનું બળ વાપરવાનું છે અને આ પથ્થર હટાવી દેવાનો છે."

નટ કહે : "કેવી રીતે?"

ફુસકી મિયાં કહે : "એ... આવી રીતે..."

આમ કહીને પથ્થર પાસે ગયા અને ભોંયમાં કોદાળીનો ઘા મારી દીધો. તે તો માંડ્યા ખોદવા. પથ્થર પાસે ઊંડો ઊંડો ખાડો કરી દીધો. માટી કાઢીને બહાર ઢગલો કર્યો. ખાડાના કિનારે પથ્થર રહી ગયો છે. પછી પથ્થર નીચેથી માટી ખોદવા માંડ્યા. નીચે ખાડો અને એના કિનારે પથ્થર છે. પથ્થર નીચેથી પણ ખોદાઈ ગયું અને પોલાણ બની ગયું. મોટી કોશ લાવ્યા. પથ્થર નીચેથી કોતરાય એટલી માટી કોતરી. ખાડાની કિનારી પર પથ્થર તોળાઈ રહ્યો. ફુસકી મિયાં પથ્થર પાછળ ગયા. પાછળથી કોશ ભેરવીને જોરથી ધક્કો દીધો કે પથ્થર ઊથલી પડ્યો. એ સીધો ખાડામાં પડ્યો. પથ્થર સમાઈ જાય એવડો મોટો ખાડો હતો. ખાડામાં પથ્થર પડ્યો કે ફુસકી મિયાંએ ઉપર માટી પાથરી દીધી. નટ તો આભો જ બની ગયો. દલાશેઠ ટાઢાટપ થઈ ગયા. પથ્થર હટી ગયો.

ફુસકી મિયાં બોલ્યા : "લો બુદ્ધિના બળથી અમે એકલાએ પથ્થર હટાવી દીધો ને?"

નટ ઠંડોગાર. હવે સોનાનું કડું ફુસકી મિયાંને આપવું જોઈએ.

ફુસકી મિયાં કહે : "અમારે કોઈનું કશું ના જોઈએ. કડું અમે નહીં લઈએ."



નટ રાજી થયો. ફુસકી મિયાંનો જયકાર બોલાવ્યો. દલાશેઠ વીલું મોં લઈને ભાગ્યા.

વાત થઈ પૂરી.



# મૂંડાનો ભેદ

રાજપર ગામમાં મિયાં ફુસકી મોજથી રહેવા લાગ્યા.


મિયાં ફુસકીનો નિયમ હતો કે સવારમાં વહેલા જાગવું. દાતણ કરી, નાહીધોઈને તૈયાર થઈ જાય. માથે મૂકે ટોપી, ખભે લટકાવે તલવાર અને ઊપડે.

મોજથી પહોંચી જાય તભા ભટના ઘરે. ભટજી સાથે વાતો કરીને ઠાકોરની બેઠકમાં પહોંચે. ઠાકોર તૈયાર થઈને બેઠકમાં આવે કે મિયાં સલામ કરે. આજે તો ઠાકર વહેલા વહેલા બેઠકમાં આવી ગયા હતા.

મિયાં આવ્યા કે ઠાકોર બોલ્યા : “મિયાં, આજે એક ખાસ કામ કરવાનું છે. બસમાં બેસો અને નારપુર ગામે જાઓ.”

મિયાં બોલ્યા : “નારપુર ગામની બસ બંધ થઈ ગઈ.”

ઠાકોર બોલ્યા : “તો તો ઊભા થાઓ અને ચાલવા માંડો. નારપુર જાઓ. દેવરાજ પટેલને મળો. તેમની પાસેથી પાંચ હજાર રૂપિયા લઈ આવો. ખાસ જરૂર પડી છે. રૂપિયા લઈને સાંજ સુધીમાં આજ ને આજ પાછા આવી જાઓ. સો રૂપિયાની પચાસ નોટ થશે.”



મિયાં ચૂપ થઈ ગયા.

હિસાબ કર્યો કે નારપુર પહોંચતાં છ કલાક થાય. અત્યારે આઠ વાગ્યા છે. આઠ ને છ ચૌદ. એટલે બે વાગતાં નારપુર પહોંચાય.

દેવરાજ પટેલ તરત જ પાંચ હજાર રૂપિયા આપી દે તો પાછા રાજપર આવતાં રાતના આઠ વાગી જાય. તો તો મારગમાં રાતનું અંધારું થઈ જાય.

ઠાકોરે જોયું કે મિયાં ચૂપ થઈને કશુંક વિચારે છે.

ઠાકોરે મિયાંને પૂછ્યું : "કેમ ચૂપ થઈ ગયા?"

મિયાં બોલ્યા : "અમે હિસાબ કરી જોયો કે નારપુર બે વાગ્યે પહોંચીશું. તરત પાછા ચાલીએ તો રાતે આઠ વાગ્યે પાછા આવી શકાય. મારગમાં રાત થઈ જાય તો ઉપાધિ થાય."

ઠાકોર સમજી ગયા હતા કે મિયાં રાતના અંધારાથી ડરે છે.


ઠાકોર કહે : "એનો હિસાબ અમે કરી લીધો છે. તમે જરા ઉતાવળા ચાલો તો બાર વાગતાં નારપુર પહોંચી જાઓ. દેવરાજ પટેલ પાસેથી રૂપિયા લઈને ઉતાવળથી ચાલો તો સૂરજ આથમ્યા પહેલાં રાજપર પાછા આવી શકો."

મિયાંને આ વાત સાચી લાગી.

જરા મોઢું હસતું રાખીને તરત જ ઊભા થયા.

ઠાકોર બોલ્યા : "ઘરે જમવા જશો નહીં. અહીં જમવાનું તૈયાર હશે. જમી લો અને ઊપડી જાઓ."

ફુસકી મિયાં આનંદમાં આવી ગયા. મનમાં ગણતરી કરી કે નારપુર જતાં છ કલાક થાય છે, પણ હું દોડતો જાઉં તો ત્રણ કલાકમાં નારપુર પહોંચી જવાય. એ જ રીતે દોડતો પાછો આવું તો પણ ત્રણ કલાક જ થાય. અત્યારે નવ વાગ્યા છે. દોડતાં જઈશું એટલે 12 વાગતાં નારપુર પહોંચીશું. દેવરાજ પટેલ પાસેથી રૂપિયા લઈને ત્રણ કલાકમાં પાછા રાજપર આવી જવાશે. એટલે સૂરજ આથમે એ પહેલાં પાછા આવી જવાશે. ઝટ ઝટ ઠાકોરને ત્યાં જમી લીધું. મોઢું ધોઈને પાણી પીધું.



ઠાકોરને સલામ કરીને મિયાં ઊપડ્યા. ભટજીને સમાચાર આપવા જોઈએ. તેમને મળ્યા વિના તો મિયાં ક્યાંય જાય જ નહીં.

મિયાં ચાલ્યા તો સામે જ તભા ભટ આવતા દેખાયા. મિયાં ઊભા રહી ગયા.

ભટજી કહે : "ક્યાં ઊપડ્યા?"

મિયાં બોલ્યા : "એ વાત કોઈને કહેવાય એવી નથી. ખાસ કામ છે. તમને સાથે લીધા વિના અમારાથી તો જવાય નહીં. પણ તમને સાથે લઈએ તો ઉપાધિ થાય."

ભટજી કહે : "ઉપાધિ શાની?"

મિયાં કહે : "તમારું વજન અડધા હાથી જેટલું તો ખરું જ ને?"

આમ પ્રશ્ન પૂછીને મિયાં જરા હસ્યા અને ચૂપ થઈ ગયા. એટલે ભટજી ચિડાયા.

મિયાં બોલ્યા : "ચિડાશો નહીં ભટજી! વાત એમ છે કે અમારે દોડતાં જવાનું છે અને દોડતાં પાછા આવવાનું છે. તમે સાથે આવો તો તમારેય દોડવું પડે. તમારાથી દોડી શકાય નહીં. માટે અમે એકલા જ નારપુર જવાના છીએ, સમજ્યા ને?"


ભટજી કહે : "તો ઊપડો. પણ દોડતાં જવાની વાત ખોટી છે. એક કહેવત છે કે...

**ધીમે ધીમે ચાલતાં સો સો ગાઉ ચલાય,**
**દોડે તે થાકે ઘણો અધવચ અટકી જાય."**

ભટજીની વાત સાંભળીને મિયાં વિચારમાં પડી ગયા.

ભટજી બોલ્યા : "કેમ ચૂપ થઈ ગયા? અમે કહીએ છીએ કે તમે નારપુર રાત રોકાઈ જજો. સૂરજ મારગમાં જ આથમશે."

મિયાં બોલ્યા : "એનો ઉપાય મળી ગયો છે. હવે તમે આનંદથી ઘરે જાઓ. અમે મોજથી નારપુર



ગામે પહોંચીશું. પાંચ હજાર રૂપિયાની નોટો ગજવામાં નાખીને હસતા અને ઘોડું દોડાવતા પાછા આવી જઈશું.”

આમ બોલીને ફુસકી મિયાંએ તલવાર ઊંચી કરી. ભટજી જોતા જ રહી ગયા. ફુસકી મિયાં ઊપડી ગયા. થોડે દૂર જઈને મિયાં ઊભા રહી ગયા. પાછળ જોયું તો તભા ભટ પાછા જતા દેખાયા. મિયાં તાલી પાડીને બોલ્યા : ‘આ વારે ભટજી નવાઈ પામી જશે કે અમે કેવી ચતુરાઈ વાપરી છે!’ આમ બોલીને હસતાં હસતાં ફુસકી મિયાં ચાલ્યા. પૂરા છ કલાક ચાલવાનું હતું. ધીમે ધીમે ચાલે તો ભલે થાક ના લાગે, પણ નારપુર પહોંચતાં મોડું તો થાય જ. મિયાં ઉતાવળા ચાલ્યા, પણ થાકી ગયા. નારપુર બે વાગ્યે પહોંચ્યા. એટલે નારપુર પહોંચતાં પાંચ કલાક થયા. ગયા દેવરાજ પટેલના ઘેર. દેવરાજ પટેલે મિયાંને આવકાર દીધો. બેઠકનો ઓરડો ઉઘાડ્યો. મિયાંને બેસાડ્યા. માટલાનું ઠંડું પાણી પાયું. એ પહેલાં ગોળ ખવડાવ્યો. કશુંક ખાઈને જ પાણી પીવું જોઈએ.

મિયાં બોલ્યા : “એક વાત કહો કે તમારે ત્યાં ઘોડો કે ઘોડી છે કે?”

દેવરાજ પટેલ કહે : “અમે પોતે ઘોડી રાખીએ છીએ. અમારે ખેડૂતને વાહન તો જોઈએ જ.”

મિયાં હસીને બોલ્યા : “એ વાત અમે જાણતા જ હતા. તેથી જ અમે ધીમે ધીમે અને મોજથી ચાલતા આવ્યા. ચાલતા જઈએ તો રાજપર પહોંચતાં પાંચ કલાક થાય છે.”



દેવરાજ પટેલ કહે : “એ કેમ પૂછ્યું?”

મિયાં બોલ્યા : “હવે મોડું ના કરશો. ઠાકોરે રૂપિયા મગાવ્યા છે. લો, આ ચિઠ્ઠી વાંચો.”

ઠાકોરે લખી આપેલી ચિઠ્ઠી પટેલે વાંચી.

પટેલ બોલ્યા : "પાંચ હજાર રૂપિયા મગાવ્યા છે."

મિયાં કહે : "જી હા, બીજું શું લખ્યું છે?"

પટેલ કહે : "બીજી વાત એ લખી છે કે મિયાંને રોકશો નહીં."

મિયાં કહે : "તો બસ, હવે વાર ના કરો. સો સો રૂપિયાની પચાસ નોટો આપી દો."

દેવરાજ પટેલ કહે : "આપણી સરકારે પાંચસો રૂપિયાની નોટ બહાર પાડી છે. અમે એ નોટો લાવ્યા છીએ. દસ નોટ લઈ જાઓ. એટલે પાંચ હજાર."

મિયાં બોલ્યા : "વાહ ભૈ, આ વાત તો ઘણી સરસ. તો હવે મોડું ના કરો. પાંચસો રૂપિયાની દસ નોટ આપી દો અને તમારી ઘોડી આપી દો. એટલે પાછા રાજપર પહોંચતાં વાર લાગે નહીં. ઘોડી પાછી મોકલીશું. ઘોડી વિના જવાય નહીં."

પટેલ કહે : "ઘોડી વાડીએ છે. હમણાં જ લઈ આવું. તમે થોડો નાસ્તો કરો. અમારા ગામના મોહન ઠક્કર ફાફડા અને પેંડા ઘણા સરસ બનાવે છે."


પટેલ ગયા. પેંડા અને ફાફડા લઈ આવ્યા. મિયાં નાસ્તો કરવા બેઠા.


દેવરાજ પટેલ વાડીએ ગયા. ઘોડી લઈ આવ્યા.

ઘોડીનું નામ વીજળી હતું. મિયાંએ પાંચસો રૂપિયાની દસ નોટો બંડીના ગજવામાં મૂકી દીધી.

પટેલ કહે : "અમારી આ વીજળી છે."

મિયાં ઘોડી પર બેસી ગયા. ઘોડી હંકારી દીધી. મિયાંનો આનંદ વધી ગયો. આજ પોતે પ્રધાનનાય પ્રધાન બન્યા હોય એવા ફુલાયા.





ગામમાંથી બહાર નીકળ્યા. રાજપરને મારગે ઘોડી હંકારી.

પોતે ઘોડી કે ઘોડા પર તો ઘણી વાર બેઠેલા, પણ આવી સરસ ઘોડી પર તો આજે જ બેઠા. ઘોડી હળુ હળુ ચાલતી હતી. મિયાંને જરા હોંશ થઈ.

ઘોડીને જરા ઉતાવળી ચલાવવા બોલ્યા : "ચાલો બેટા વીજળી... ઉતાવળી ચાલ ચાલો."

આમ બોલી ગયા અને સહેજ ઊંચાનીચા થયા. ઘોડી ચપળ હતી. સમજી થઈ કે જરા તેજ ચાલવું જોઈએ.

ત્યાં તો ફરી વાર મિયાંએ બૂમ પાડી કે ચલો, દોડવા માંડો બેટા વીજળી...!

આમ બોલીને પોતે વધારે ઊંચાનીચા થયા.

ઘોડી ઊપડી. જરા દોડવા માંડી. મિયાંને મજા પડી.


ઘોડી જરા વધારે ઝડપથી દોડે તો વધારે મજા પડે. આમ વિચારીને પોતે ઊંચાનીચા થયા અને બૂમ પાડી કે દોડો બેટા વીજળી...!

અને વીજળી દોડી. મિયાંનો આનંદ વધારે છલકાયો.

મિયાંને લાગ્યું કે ઘોડી પર પોતે સરસ રીતે બેઠા છે. ઘોડી વધારે ઝડપથી દોડે તો પણ પોતે ડરે એવા નથી.

સામેથી એક કુંભાર આવતો હતો. તે પોતાના ગધેડાની પીઠ પર બેઠો હતો.

તે નજીક આવ્યો એટલે હસીને તેણે મિયાંને કહ્યું : "ઓ બાપુ! આ તમારી ઘોડી કરતાં તો મારો આ ગરવો ગધેડો સરસ દોડી શકે છે. ઘોડીને જરા દોડાવો તો ખરા! જોઈએ કે તમારી ઘોડી કેવીક તેજ દોડે છે!"



મિયાં હસીને બોલ્યા : "આ અમારી વીજળી છે."

કુંભાર કહે : "તો બતાવો વીજળીનો ચમકારો."

મિયાં તાનમાં આવી ગયા. હાથમાં દોરડું હતું. માથા પર ગોળ ગોળ ફેરવીને ઘોડીની પીઠ પર દોરડું મારી દીધું.

વીજળીને દોરડું જોરથી વાગ્યું. અને વીજળી ઊપડી. છલાંગ મારતી દોડી. ફુસકી મિયાં ચમકી ગયા. વીજળી એનું નામ. માંડી દોડવા.

મિયાં બૂમ પાડીને કહે છે : "ધીમે ધીમે ધીમે! ઓ બેટા વીજળી! હવે દોડવું નથી."

બૂમો સાંભળીને વીજળી વધારે ઝડપથી દોડવા માંડી.

ઘોડીની પીઠ પર મિયાં ઊછળવા માંડ્યા. એમ લાગવા માંડ્યું કે હમણાં પોતે ઊછળીને નીચે પડશે. ઘણી બૂમો પાડી. ગળું ફાડીને ચીસો નાખી. પણ વીજળી એનું નામ. દોડતી અટકી નહીં પણ મિયાંના બૂમબરાડા સાંભળીને વધારે ઝડપથી દોડવા માંડી.



મિયાં ખરેખરા ગભરાયા. આંખો મીંચી લીધી. નીચા નમી ગયા. બે હાથ લાંબા કરીને ઘોડીનું ગળું બાથમાં પકડી લીધું. એટલે તો વીજળી વધારે ચિડાઈ ગઈ. એવામાં આગળ જતાં મારગ ઊંચાણવાળો આવ્યો. વીજળી ઘોડીએ ઊછળીને છલાંગ મારી.

મિયાં ઊછળ્યા. ઊછળ્યા કે ઘોડીની પીઠ પરથી ઊથલી પડ્યા. ધડામ કરતા પડ્યા નીચે. મિયાં નીચે પડ્યા કે ઘોડી વીજળી ઊભી રહી ગઈ. મિયાંને પીઠમાં અને ખભા પર ખરેખરું વાગ્યું હતું. ચીસો પાડતા ભોંય પર આળોટવા લાગ્યા.